Gujarat Weekly Community Newspaper
ગુજરાત વીકલી
Funded by the Government of Canada
Financé par le gouvernement du Canada
Canada

Canada 7 December, 2018

# શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુર (કેનેડા) દ્વારા હાઈએસ્ટ પ્રાયોરિટી ફંડ






ટોરોન્ટોઃ શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર (કેનેડા)એ સિકકિડ્સ ફાઉન્ડેશનના હાઈએસ્ટ પ્રાયોરિટી ફંડના સમર્થનમાં ધનરાશિ અર્પિત કરી ઉત્કૃષ્ટ આત્મદશા, અસાધારણ પ્રતિભા, વિશિષ્ટ શાસનપ્રભાવના, અદ્ભુત સાહિત્યસર્જન આદિના કારણે જેઓનું શુભ નામ અત્યંત આદરપૂર્વક લેવામાં આવે છે તેવા મહાન જૈન સંત શ્રીમદ્ રાજચંદ્રજીના પાવન જન્મજયંતીદિન નિમિત્તે શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર(કેનેડા)એ સિકકિડ્સ ફાઉન્ડેશનના હાઈએસ્ટ પ્રાયોરિટી ફંડમાં ૩ૅ૦ ૨૩,૦૦૦ અર્પણ કર્યા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈની પ્રેરણા અને માર્ગદર્શનથી સંસ્થાપિત શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર(કેનેડા) પોતાની પ્રવૃત્તિઓનો વ્યાપ એ રીતે વધારી રહ્યું છે કે જેથી સાધકો ભગવાન મહાવીર દ્વારા પ્રરૂપિત અને શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા પ્રકાશિત સનાતન ધર્મનો આધાર લઈ આધ્યાત્મિક ઉત્થાન સાધી શકે. આ માટે પ્રવચનો, ભક્તિ, ધ્યાન વગેરે યોજવામાં આવે છે. આ ઉપરાંત વર્કશોપ્સ અને યાત્રાપ્રવાસો યોજવા, શાસ્ત્રો અને અન્ય પુસ્તકોનું પુસ્તકાલય ચલાવવું વગેરે પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત સમાજના અભાવગ્રસ્ત લોકોની સેવા કરવા અને તેઓના જીવનમાં આનંદનો આવિર્ભાવ કરાવવા અનેક સામાજિક પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે.

ગયા વર્ષે શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦મી જન્મજયંતીના વર્ષ નિમિત્તે થયેલ એક વર્ષીય ઉજવણીના એક ભાગરૂપે શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈની પ્રેરણાથી મહાત્મા ગાંધીજી અને તેમના માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજીના ગહન આધ્યાત્મિક સંબંધો પર આધારિત યુગપુરુષ–મહાત્માના મહાત્મા નાટકનું નિર્માણ કરવામાં આવ્યું હતું. મિશને આ નાટકમાંથી પ્રાપ્ત થયેલ ધનરાશિ ભારતના દક્ષિણ ગુજરાતના આદિવાસી ક્ષેત્રમાં ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ લોકોની આરોગ્ય સારવાર અર્થે અદ્યતન સાધનોથી સુસજ્જ મલ્ટી સ્પેશિયાલિટી ચેરિટી હોસ્પિટલના નિર્માણના ઉમદા હેતુ અર્થે અર્પિત કરી છે. આ ધનરાશિનો અમૂક ભાગ મિશને સિકકિડ્સ ફાઉન્ડેશનના હાઈએસ્ટ પ્રાયોરિટી ફંડમાં આપવાનું નક્કી કર્યું છે, જે સિકકિડ્સ ફાઉન્ડેશનના દરેક બાળકને તંદુરસ્ત બાળક બનવાના સંઘર્ષમાં મદદરૂપ થશે.

સિકકિડ્સ ફાઉન્ડેશનના કમ્યુનિટી પાર્ટનરશીપના મેનેજર શ્રી સુસી મોર્ફેટ કહે છે, જો શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર જેવા લોકો ધનરાશિ એકત્ર કરવાના કાર્યક્રમો ગોઠવતા, તેમાં હાજરી આપતા કે તેને સમર્થન કરતા ન હોત તો સિકકિડ્સ વિશ્વભરમાં પ્રખ્યાત હોસ્પિટલ ન હોત. વળી જે આનંદપૂર્વક તેઓ આ કાર્ય કરે છે તે તેઓની સહૃદયતા અને મદદરૂપ બનવાની કટિબદ્ધતા દર્શાવે છે.

અમે માત્ર ધનરાશિ એકત્ર કરવા જ નહીં પણ અંતરિયાળ વિસ્તારોમાં અદ્યતન તબીબી સારવાર પૂરી પાડવાના કાર્યમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર(કેનેડા) સાથે લાંબાગાળાની ઉષ્માપૂર્ણ ભાગીદારી ઈચ્છીએ છીએ. શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર(કેનેડા)ના પ્રમુખ શ્રી પ્રદીપ સંઘવીએ મિશન વતી સિકકિડ્સ ફાઉન્ડેશનનો આભાર માન્યો હતો અને નૂતન સિકકિડ્સ હોસ્પિટલના નિર્માણમાં મિશનનું સમર્થન જાહેર કર્યું હતું.